## –: : ફોજદારી અપીલ નં.૧૩/૨૦૨૩ના કામે આંક ૫ લગત હુકમ : : –

(૧) આ કામના અરજદારો / એપેલેન્ટસ, મુળ આરોપીઓ સામે માળીયા હાટીનાના વિ. જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ફોજદાર કેસ નં.૨૦૩/૨૦૧૧ ના કામે ભારતીય દંડ સહિતાની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૩૨૩, ૪૨૭, ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ ૩૦ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ગુણદોષ ઉપર ચાલી જતા, માળીયા હાટીનાના વિ. જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૦૭/૦૨/૨૦૨૩ના રોજ ઠરાવ આપી, ક્રિ. પ્રો. કોડની કલમ ૨૪૮(૨) અન્વયે એપેલેન્ટસ / આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ સાથે વાંચતા કલમ ૧૪૯ તથા ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે, તે હુકમથી નારાજ થઈ, આરોપીઓએ અત્રેની અદાલતમાં ક્રિ. પ્રો. કોડની કલમ ૩૭૪ અન્વયે અપીલ દાખલ કરેલ છે અને હાલની અરજી સજાનો હુકમ મોકુફ રાખવા આપેલ છે અને એપેલન્ટસ / આરોપીઓએ નીચેની અદાલતમાં સજાનો હુકમ મોકુફ રાખવા અરજી આપતા, સદરહું સજાનો હુકમ દિન–૩૦(ત્રીસ) સુધી મુલત્વી રાખવામાં આવેલ છે. હાલની અરજી અરજદાર / આરોપીએ તા.૧૩/૦૨/૨૦૨૩ના રોજ મુદ્તમાં કરેલ છે, જેથી માળીયા હાટીનાના વિ. જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૦૭/૦૨/૨૦૨૩ના રોજ આપેલ ઠરાવ અને હુકમની અમલવારી અપીલનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી મોકુફ રાખવા અને એપેલન્ટસને જામીન મુકત કરવા માંગણી કરેલ છે. એપેલન્ટસ / આરોપીઓ તરફે નામદાર નીચેની અદાલતનો ચૂકાદો તથા સજાનો હુકમ મોકુફ રાખવા માટેની આપેલ અરજીની નકલ રજુ કરેલ છે.

(૨) સદર કામે રીસ્પોન્ડન્ટ શ્રી સરકારને નોટિસ કરતા, વિ. પી. પી. શ્રી એન. કે. પુરોહિત હાજર થયેલ છે. મુળ ફરિયાદી તરફે વિ. વ. શ્રી ડી. વી. બોરીચાંગર હાજર થયેલ છે અને આંક ૯ થી વાંધા રજુ કરેલ છે.

(૩) એપેલન્ટસ / આરોપીઓ તરફે વિ. વ. શ્રી કે. જી. ડાભી, રીસ્પોન્ડન્ટ તરફે વિ. પી. પી. શ્રી એન. કે. પુરોહિત તથા મુળ ફરિયાદી તરફે વિ. વ. શ્રી ડી. વી.

બોરીચાંગરને સાંભળ્યાં, મુળ ફરિયાદી તરફે રજુ થયેલ વાંધા વંચાણે લીધા, નીચેની અદાલતનો હુકમ તથા ચૂકાદો વંચાણે લીધો. આ અપીલ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને ટ્રાયલ અદાલત ધ્વારા કરવામાં આવેલ સજાની માત્રા લક્ષમાં લેતાં, નીચેની અદાલતનુ રેકર્ડ મંગાવવાપાત્ર જણાય છે તથા આ કામે ફરિયાદ પક્ષે પણ અપીલ દાખલ થયેલ છે, જેનો અપીલ નં.૧૫/૨૦૨૩ પડેલ છે, તેથી પણ હાલની અપીલ એકલી સાંભળી શકાય તેમ નથી તથા આ કામે અન્ય આરોપી ધ્વારા અપીલ નં.૧૨/૨૦૨૩થી અપીલ દાખલ થયેલ છે, તેથી હાલની અપીલ નં.૧૨/૨૦૨૩ સાથે સંયુકત સાંભળવાનો હુકમ ફરમાવવામાં આવે છે તથા હાલના અરજદારો ધ્વારા કન્વીકશન સ્ટે કરવા માટેની જે દાદ માગવામાં આવેલ છે, તે માટેના કારણો સંતોષજનક આખી અપીલ સંભળાય નહી, ત્યાં સુધીના જણાતા નથી, તે સંજોગોમાં ક્રિ. પ્રો. કોડની કલમ ૩૮૯(૧) અન્વયે આ અપીલનો નિર્ણય થતા સુધી ટ્રાયલ અદાલત ધ્વારા કરવામાં આવેલ આંક ૪૯૯ લગત જે **કેદની સજાનો અમલ** મોકુફ રાખેલ છે તે માત્ર હાલની અરજી લગત લંબાવી, માત્ર કેદની સજા પુરતી અમલવારી મોકુફ રાખવાપાત્ર જણાતી હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે, બાકીની અન્ય દાદ કન્વીકશન સ્ટે કરવા પુરતી આંક ૧ લગત સાંભળવાનો વધુ હુકમ ફરમાવવામાં આવે છે.

## — : : હુ ક મ : : —

(૧) હાલની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) દરેક એપેલેન્ટ / આરોપીને રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા નીચેની શરતોને આધિન અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી અપીલના આખરી નિકાલ સુધી જામીન મુકત કરવાનો નીચેની શરતોને આધિન કરવામાં આવે છે.

શરતો :–

(૧) એપેલેન્ટસ / આરોપીઓએ અપીલના કામે જરૂર પડયે હાજર રહેવાનું રહેશે અને અપીલ વહેલી ચલાવી લેવી.

(૨) એપેલન્ટસ / આરોપીઓએ અપીલના આખરી નિકાલ સુધી કોઈ ગુનાહિત પ્રવૃતિ કરવી નહીં અને ફરિયાદ પક્ષને, ફરિયાદ સબંધી કોઈ મનદુઃખ રાખી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક–ધમકી આપવી નહી.

(૩) એપેલન્ટસ / આરોપીઓએ જામીન આપતી વખતે પોતાના રહેઠાણનું પાકું અને કાયમી સરનામું પુરૂ પાડવું અને જો તેમાં કોઈ ફેરફાર થાય તો અત્રેની અદાલતમાં જાણ કરવી તથા પોતાનો મોબાઈલ નંબર તથા આધાર કાર્ડ નંબર જાહેર કરવો.

આ હુકમ આજ તારીખ છઠ્ઠી માહે માર્ચ, સને ૨૦૨૩ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.કેશોદ,

તા.૦૬ / ૦૩ / ૨૦૨૩.

( મિલન ગિરીશચંદ્ર દવે )
એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
કેશોદ.
જીજે૦૦૫૨૨.